ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક

શાળાઓમાં જ્ઞાન સહાયક યોજના રદ્દ કરી કાયમી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી

વડગામના ધારાસભ્ય જીગ્નેશ દ્વારા ગુજરાતમાં ચાલતી સરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષકોની જગ્યા ખાલી છે જેના પરિણામે રાજ્યની શૈક્ષણિક વ્યવસ્થાને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગરીબ-સામાન્ય- મધ્યમ વર્ગના વિધાર્થી-વિધાર્થીનીઓ અભ્યાસ કરતાં હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ગંભીર બાબત છે.ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭- ક તા.૧૦-૩-૨૩ અન્વયે જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક) માસીક રૂ.૨૧૦૦૦/- ફિક્સ પગાર સાથે ૧૧ મહિનાના કરાર (કોન્ટ્રાક્ટ) થી અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ ૧૦૧૪-૧૪૦ -ગ (પા.ફા)તા.૧૦-૦૭-૨૩ અન્વયે જ્ઞાન સહાયક યોજના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક જેમાં માધ્યમિકમાં રૂ.૨૪૦૦૦/-અને ઉચ્ચ માધ્યમિકમાં રૂ.૨૬૦૦૦/-ના ફિક્સ પગાર સાથે ૧૧ મહિનાના કરાર (કોન્ટ્રાક્ટ)થી નિમણુંક કરવાનું જાહેર કરેલ છે. ગુજરાતના શિક્ષણ વિભાગમાં કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાક્ટ પ્રથા દાખલ કરવાની સરકારની યોજના ગેરબંધારણીય અને ગેરકાયદેસર હોવાનુ જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતુ ગુજરાત સરકારે જે આધાર લઈને જ્ઞાન સહાયક યોજના જાહેર કરેલ છે તે રાષ્ટ્રીય શિક્ષણનીતી-૨૦૨૦માં પેઈજ નં. ૨૨,પોઈન્ટ નં.૫૧૭માં સ્પષ્ટ પણે કાયમી નિમણૂકની જોગવાઈ છે તો પછી કોન્ટ્રાક્ટ આધારે જ્ઞાન સહાયક યોજના કેમ?,દાખલ કરી તેમ પણ લેખિતપત્ર મા દર્શાવ્યું હતુ રાજ્યમાં ૩૨૦૦૦ કરતા વધુ શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે, જ્યારે ટેટ- ટાટ પાસ કરેલ ૫૦,૦૦૦ હજાર જેટલા ગુજરાતનાં યુવાન-યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહયા છે.રાજ્યના શિક્ષણ વિભાગ જે રીતે એક પછીએક યોજના જાહેર કરી રહી છે તેનાથી શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાન થયું રહ્યું છે તો રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં "જ્ઞાન સહાયક યોજના રદ" કરી કાયમી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે તેવી માંગ કરી છે.

ચીનના ઉત્તર પૂર્વી વિસ્તારમાં આવેલા એક પ્રાંતની ઘટના

ચીનમાં જિમ્નેશિયમ સ્કૂલની છત ધરાશાયી થતાં ૧૧નાં મોત

બિજિંગ, તા.૨૫

ચીનના ઉત્તર પૂર્વી વિસ્તારમાં આવેલા એક પ્રાંતમાં જિમ્નેશિયમ સ્કૂલની છત ધરાશાઈ થઈ જતા બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. મરનારામાં બાળકોની મોટી સંખ્યા છે. જેઓ સ્કૂલની વોલીબોલ ટીમનો હિસ્સો હતા.

સત્તાવાર રીતે ચીનની સરકારે આ ઘટનાને સમર્થન આપ્યુ હતુ. જ્યારે આ છત તુટી પડી ત્યારે તેમાં બાળકો સહિત ૧૯ લોકો હતા. જેમાંથી આઠ લોકોના જીવ બચી ગયા હતા અને બીજા કેટલાકને ઈજા પણ થઈ છે.ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં ખસેડાયા છે. વાલીઓ પોતાના બાળકોની તલાશમાં ઠેર ઠેર ભટકી રહ્યા છે. ઘટના સ્થળે રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન બાળકોના કોચ બાળકોના નામ બોલીને રેસ્ક્યુ ટીમને અંદર કોણ કોણ ફસાયુ છે તે જણાવી રહ્યા હતા. બાળકોના પરિવારજનોનો આરોપ છે કે, બચાવ કામગીરી યોગ્ય રીતે થઈ રહી નથી. જે લોકોના મોત થયા છે તેમની જાણકારી પણ આપવામાં આવી રહી નથી. સોમવારે સવાર સુધી બચાવ કામગીરી ચાલી હતી.

ચીનમાં પણ બાંધકામ પ્રોજેક્ટ દરમિયાન દુર્ઘટનાઓ સર્જાવી સામાન્ય વાત છે. કારણકે સુરક્ષાના નિયમોનુ પાલન કરવામાં આવતુ નથી. આ પહેલા ચીનમાં એક રેસ્ટોરન્ટમાં ગયા મહિને ગેસનો વાલ્વ બદલતી વખતે થયેલા ધડાકામાં ૩૧ લોકોના મોત થયા હતા.

યુપી એટીએસનું રાજ્યવ્યાપી ઓપરેશન

યુપીમાં ગેરકાયદેસર રહેતા ૭૪ રોહિંગ્યાની એટીએસે ધરપકડ કરી

અમદાવાદ, તા.૨૫

ગઈકાલે યુપી એટીએસએ રાજ્યવ્યાપી ઓપરેશન હાથ ધરીને રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા ૭૪ રોહિંગ્યાઓની ધરપકડ કરી હતી. રાજ્યના વિશેષ પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે એટીએસને માહિતી મળી રહી હતી કે કેટલાક રોહિંગ્યા લોકો ઉત્તર પ્રદેશના અલગ-અલગ જિલ્લામાં ગેરકાયદેસર રીતે રહે છે. આના પર એટીએસએ સ્થાનિક પોલીસ એકમોની મદદથી ઓપરેશન શરૂ કર્યું અને કુલ ૭૪ રોહિંગ્યા લોકોની ધરપકડ કરી હતી.

રાજ્યના વિશેષ પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા રોહિંગ્યા લોકોમાં ૧૬ મહિલાઓ અને છોકરીઓ અને ૫૮ પુરુષો છે. આ તમામ લોકો સામે કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરકાર તરફથી મળેલી માહિતી અનુસાર યુપી એટીએસએ રાજ્યના અલગ-અલગ જિલ્લામાંથી કુલ ૭૪ રોહિંગ્યાઓની ધરપકડ કરી છે, જેમાં મથુરામાંથી ૩૧, અલીગઢમાંથી ૧૭, ગાઝિયાબાદમાંથી ૪, હાપુડમાંથી ૧૩, મેરઠ અને સહારનપુરમાંથી ૨-૨ રોહિંગ્યાઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત હાપુડમાંથી ૨ પુરૂષ બાળ શોષણ કરનાર અને ૧ મહિલા બાળ શોષણ કરનારની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે મેરઠમાંથી એક પુરુષ બાળ શોષણ કરનાર અને એક મહિલા બાળ શોષણ કરનારની ધરપકડ કરવામાં આવી છે.

યુપી એટીએસએ ગઈકાલે વહેલી સવારે મથુરામાં ઝૂંપડપટ્ટીમાં ગેરકાયદેસર રીતે રહેતા રોહિંગ્યા લોકોની ધરપકડ કરી હતી. એટીએસએ મથુરા પોલીસ સાથે મળીને જૈત વિસ્તારમાં રહેતા રોહિંગ્યાની ધરપકડ કરી હતી. એટીએસએ મથુરા પોલીસ દ્વારા લગભગ ૮ કલાક સુધી ચાલેલી આ કાર્યવાહીમાં ૩૧ રોહિંગ્યાઓની ધરપકડ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે એએસઆઈના સર્વે પર ૨૬ જુલાઈની સાંજ સુધી રોક લગાવી છે

અલ્હાબાદ હાઈકોર્ટે જ્ઞાનવાપીના સર્વે સામેની મુસ્લિમ પક્ષની અરજી સ્વિકારી

અલ્હાબાદ, તા.૨૫

અલ્હાબાદ હાઈકોર્ટે વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદના એએસઆઈસર્વે અંગે મુસ્લિમ પક્ષની અરજી સ્વીકારી લીધી છે. હવે બુધવારે એટલે કે આવતી કાલે હાઈકોર્ટ આ મામલે સુનાવણી કરશે. આ દરમિયાન હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષો હાજર રહેશે. હાઈકોર્ટ આવતીકાલે જ પોતાનો ચુકાદો આપશે. સુપ્રિમ કોર્ટે એએસઆઈના સર્વે પર આવતીકાલ સાંજ સુધી રોક લગાવી છે અને તે પહેલા આ મામલે નિર્ણય આપવા હાઈકોર્ટને આદેશ આપ્યો છે. તે જ સમયે, હાઈકોર્ટે જ્ઞાનવાપી સાથે સંબંધિત અન્ય કેસોની પણ સુનાવણી કરી અને ચુકાદો અનામત કર્યો છે. આ બાબતોનો ચુકાદો ૨૮મીએ સંભળાવવામાં આવશે.

અગાઉ ૨૧ જુલાઈએ હિન્દુ પક્ષની અરજી પર વારાણસીની જિલ્લા ન્યાયાધીશની અદાલતે જ્ઞાનવાપીના એએસઆઈને સર્વે કરાવવા અને ૪ ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ ગઈકાલે સવારે જ્ઞાનવાપીનો સર્વે પણ શરૂ થઈ ગયો હતો. આ દરમિયાન મુસ્લિમ પક્ષ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. મુસ્લિમ પક્ષની અરજી પર સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને હાઈકોર્ટમાં જવાની સલાહ આપી હતી જ્યારે એએસઆઈસર્વે પર બે દિવસનો સ્ટે આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર મુસ્લિમ પક્ષ સર્વે પર પ્રતિબંધ લગાવવા માટે અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચ્યો છે. હિન્દુ પક્ષે પહેલેથી જ હાઈકોર્ટમાં કેવિયેટ દાખલ કરી છે, જેથી મુસ્લિમ પક્ષને કોઈપણ પ્રકારની રાહત આપતા પહેલા હાઈકોર્ટે તેમનો પક્ષ પણ સાંભળશે.

સુપ્રીમ કોર્ટે એએસઆઈના સર્વે પર ૨૬ જુલાઈની સાંજ સુધી રોક લગાવી છે

પાકિસ્તાની બોલરનો તરખાટ, ૬ મેચમાં ૩૮ વિકેટ લઈને બનાવ્યો રેકોર્ડ

ઈસ્લામાબાદ,તા.૨૫

પાકિસ્તાન ક્રિકેટ ટીમના ૨૪ વર્ષીય સ્પિનર ??અબરાર અહેમદે ટેસ્ટ ક્રિકેટમાં આવતાની સાથે જ તરખાટ મચાવી દીધો છે. ઈંગ્લેન્ડ સામે ડેબ્યૂ કર્યા બાદથી અત્યાર સુધી તે દરેક મેચમાં બેટ્સમેનોને પરેશાન કરી રહ્યો છે. ન્યુઝીલેન્ડ બાદ હવે તેણે શ્રીલંકા સામે પણ શાનદાર બોલિંગ કરી છે. ગાલે ટેસ્ટમાં ૬ વિકેટ ઝડપનાર અબરારએ કોલંબોમાં પ્રથમ દાવમાં પણ ૪ વિકેટ ઝડપી હતી. પાકિસ્તાનની ટીમ હાલ શ્રીલંકાના પ્રવાસે છે. બે ટેસ્ટ મેચની સીરીઝની બીજી મેચમાં ટીમે યજમાન ટીમને પ્રથમ દાવમાં ૧૬૬ રનમાં ઢાળી દીધી હતી. આમાં ૨૪ વર્ષીય સ્પિનર ??અબરાર અહેમદે મોટી ભૂમિકા ભજવી હતી. ૪ વિકેટ લઈને આ સ્પિનરે શ્રીલંકાના મોટા સ્કોરની આશાને આંચકો આપ્યો.- એપી અબરાર અહેમદે પોતાની ટેસ્ટ કરિયરની ધમાકેદાર શરૂઆત કરી છે. તેણે પ્રથમ ૬ મેચમાં કુલ ૩૮ વિકેટ લીધી છે. અબરારને તેના ઘરે ઈંગ્લેન્ડ વિરુદ્ધ મુલ્તાન ટેસ્ટમાં ટેસ્ટ ડેબ્યૂ કરવાની તક મળી. અબરાર અહેમદે ગત વર્ષે ડિસેમ્બરમાં ઈંગ્લેન્ડ સામેની મુલ્તાન ટેસ્ટ મેચમાં પોતાની ડેબ્યૂ ઈનિંગમાં કુલ ૭ વિકેટ ઝડપી હતી. બીજા દાવમાં પણ તેણે પ્રભુત્વ જમાવ્યું અને ૪ ઈંગ્લિશ બેટ્સમેનોનો શિકાર કર્યો. કરાચીમાં રમાયેલી તેની કારકિર્દીની બીજી ટેસ્ટ મેચમાં અબરાર અહેમદે ઈંગ્લિશ બેટ્સમેનોને હલાવી દીધા હતા.

લગ્નમાં ગીતો વગાડવા સંદર્ભે સરકારની સ્પષ્ટતા

લગ્ન-જાનમાં ગીતો વગાડવા એ કોપીરાઈટનો ભંગ નથી

નવી દિલ્હી, તા.૨૫

સરકારે સ્પષ્ટતા કરી હતી કે લગ્ન કે જાનમાં ગીતો વગાડવા તે કોપીરાઈટ કાયદાનું ઉલ્લંઘન ન ગણાય અને કોઈ પણ આવી પ્રવૃત્તિઓ માટે રોયલ્ટી ન ઉઘરાવી શકે. ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ (ડીપીઆઈઆઈટી)એ એક જાહેર નોટિસમાં કહ્યું કે અમને કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ની કલમ ૫૨ (૧)(ઝેડએ) ની ભાવનાથી વિપરિત લગ્ન-જાનમાં ગીતો વગાડવાને લઈને કોપીરાઈટ સોસાયટી વતી રોયલ્ટી લેવા વિશે સામાન્ય નાગરિકો અને અન્ય પક્ષો તરફથી અનેક ફરિયાદો મળી હતી.

એક્ટની કલમ ૫૨ અમુક એવા કાર્યો સાથે સંકળાયેલી છે જેમાં કોપીરાઈટ એક્ટનું ઉલ્લંઘન થતું નથી. ડીપીઆઈઆઈટીએ કહ્યું કે કલમ કલમ ૫૨ (૧)(ઝેડએ) ખાસ કરીને કોઈ ધાર્મિક સમારોહ કે સત્તાવાર સમારોહ દરમિયાન સાહિત્યક, નાટકીય અથવા ગીતો વગાડવા કે સાઉન્ડ રેકોર્ડિંગના પ્રદર્શનનો ઉલ્લેખ કરે છે. આ કોઈપણ રીતે કોપીરાઈટનું ઉલ્લંઘન નથી. તેમાં જણાવાયું કે ધાર્મિક સમારોહમાં લગ્ન અને જાન અન્ય સામાજિક કાર્યોમાં સામેલ છે. ડીપીઆઈઆઈટીએ કહ્યું કે તેને જોતાં કોપીરાઈટ સોસાયટીને કોઈપણ કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે કલમ ૫૨ (૧)(ઝેડએ) ના ઉલ્લંઘનના કાર્યોથી સાવચેત રહેવાનો નિર્દેશ અપાય છે.

મહિલાઓની નગ્ન પરેડ મામલે કડક કાર્યવાહી

મણિપુર મહિલાઓને પરેડ મામલે સાતમા આરોપીની ધરપકડ

ઈમ્ફાલ, તા.૨૫

મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડ કરાવવા મામલે પોલીસે સાતમા આરોપીની પણ ધરપકડ કરી લીધી છે. હવે પોલીસ સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં દેખાતા અન્ય આરોપીઓની ધરપકડ માટે ઠેર ઠેર શોધખોળ અભિયાન ચલાવી રહી છે. આ ઘટના અંગે અત્યાર સુધી પોલીસે કુલ સાત લોકોની ધરપકડ કરી છે. જેમાં એક સગીર આરોપી છે. પોલીસ હાલમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે કે જેથી કરીને અન્ય આરોપીઓને પકડી શકાય. ઉલ્લેખનીય છે કે મહિલાઓને નગ્ન પરેડ કરાવવાનો વીડિયો ૪ મેનો હોવાની માહિતી અપાઈ છે. આ વીડિયોને થોડાક જ સમય પહેલાં શેર કરાયો હતો જેના બાદ વિરોધમાં સમગ્ર મણિપુરમાં દેખાવોનો દોર શરૂ થઈ ગયો હતો.

સરકારની સંસદમાં મની લોન્ડરિંગના કેસ સંદર્ભે સ્પષ્ટતા

નવ વર્ષમાં મની લોન્ડરિંગ કેસમાં ૯૩ ટકાથી વધુ દોષિત

નવી દિલ્હી, તા.૨૫

ભારત સરકારે ગઈકાલે સંસદમાં જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસમાં ૯૩ ટકાથી વધુને દોષિત ઠેરવ્યા છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૧૩ જુલાઈ સુધીમાં ફેડરલ એજન્સીમાં ૨૫ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હતી. તેમના નિવેદન મુજબ, ઈડીપાસે ૨,૦૭૫ કર્મચારીઓની મંજૂર સંખ્યા છે અને તેમાંથી, ૧,૫૪૨ પોસ્ટ્સ હાલમાં કાર્યરત છે.

છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસોમાં ઈડીના દોષિત ઠરાવના દર અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા નવ વર્ષો દરમિયાન મની લોન્ડરિંગ નિવારણ કાયદા (પીએમએલએ)ના ૩૧ કેસોની ટ્રાયલ પૂર્ણ થઈ છે, જેના પરિણામે ૨૯ કેસોમાં ૫૪ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આમ, આજની તારીખે, પીએમએલએહેઠળ દોષિત ઠેરવવાનો દર ૯૩.૫૪ ટકા છે. મંત્રીએ કહ્યું કે, કેટલાક એવા કિસ્સાઓ છે કે જેમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તપાસ કરાયેલા પ્રિડિકેટ અપરાધોને રદ કરવાને કારણે પીએમએલએહેઠળની કાર્યવાહી આગળ વધી શકી નથી.

સરકારે સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૨૧માં સાયબર ફ્રોડના ૧૪,૦૦૭ કેસ નોંધાયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ડેટાને ટાંકીને, નાણા રાજ્ય મંત્રી ભગવત કરાડે જણાવ્યું હતું કે ૨૦૨૧ માં ઓનલાઈન એપ્સ દ્વારા કરવામાં આવેલા સાયબર છેતરપિંડીના કેસોની કુલ સંખ્યા ૧૪,૦૦૭ છે. આ પ્રકાશિત આંકડા વર્ષ ૨૦૨૧ને સલગ્ન જોવા મળે છે.

ટામેટાના ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર

ટામેટાએ તોડ્યો ભાવનો તમામ રેકોર્ડ!... ૭ અઠવાડિયામાં ૭ વખત વધ્યા ટામેટાના ભાવ

મુંબઈ,તા.૨૫

૨૩ જુલાઈના રોજ કન્ઝ્યુમર અફેર્સ ડેટા અનુસાર દેશમાં ટામેટાની મહત્તમ કિંમત ૨૦૦ રૂપિયાની નીચે આવી ગઈ હતી અને જો મુંબઈની વાત કરીએ તો ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર ટામેટાની છૂટક કિંમત ૧૬૦ રૂપિયા પ્રતિ કિલો હતી, પરંતુ સપ્તાહના અંતે ટામેટાના છૂટક ભાવે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. હાલ મુંબઈમાં ટામેટાના ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર કરીને રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. ભાવમાં થયેલા વધારાથી લેનારાઓની સંખ્યા પર પણ પ્રતિકૂળ અસર પડી છે અને તે અત્યાર સુધીના નીચા સ્તરે આવી ગયો છે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં ટામેટાંની દુકાનોને ગ્રાહકોના અભાવે દુકાન બંધ કરવાની ફરજ પડી છે. પાકની કુલ અછત અને અતિવૃષ્ટિને કારણે મોટા પાયે થયેલા નુકસાનને કારણે, ટામેટાંના ભાવ, અન્ય ઘણી આવશ્યક શાકભાજી સિવાય, જૂનથી સતત વધી રહ્યા છે. જૂનમાં, ટામેટાના ભાવ ૧૩ જૂનના રોજ ૩૦ રૂપિયા પ્રતિ કિલોના નિયમિત ભાવથી લગભગ બમણા થઈને ૫૦-૬૦ રૂપિયા થઈ ગયા હતા અને જૂનના અંત સુધીમાં ૧૦૦ રૂપિયાને પાર કરી ગયા હતા. ૩ જુલાઈના રોજ તેણે રૂ. ૧૬૦નો નવો રેકોર્ડ બનાવ્યો હતો, જેમાં શાકભાજીના વિક્રેતાઓએ આગાહી કરી હતી કે ૨૨-૨૩ જુલાઈ સુધીમાં ટામેટા ૨૦૦ એ પહોચી જશે. મીડિયા રિપોર્ટ મુજબ, છઁસ્ઝ વાશીના ડિરેક્ટર શંકર પિંગલેના જણાવ્યા અનુસાર, ટામેટાંનો જથ્થાબંધ ભાવ ૮૦ રૂપિયા અને ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની વચ્ચે છે. જો કે, લોનાવાલા ભૂસ્ખલનની ઘટના, ટ્રાફિક જામ અને ડાયવર્ઝનને પગલે વાશી માર્કેટમાં પુરવઠાની તંગી સર્જાઈ, જેના કારણે ભાવમાં અસ્થાયી વધારો થયો. ડિરેક્ટરે કહ્યું કે થોડા દિવસોમાં સપ્લાય ફરી

મંત્રમુગ્ધ થઇ જવાય તેવી છે સંકુલની સુંદરતા

G20 સમિટ માટે પ્રગતિ મેદાન ખાતે ઈન્ટરનેશનલ ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન સંકુલ તૈયાર

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૨૫

પ્રગતિ મેદાન ખાતે ઈન્ટરનેશનલ ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન સંકુલ સમિટ માટે તૈયાર છે. આ અત્યાધુનિક ઈમારતની તસવીરો ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે. પ્રગતિ મેદાન ૪૨૦ નેતાઓની બેઠક યોજવા માટે તૈયાર છે. ૪૨૦ની બેઠક ૧૨૩ એકરમાં ફેલાયેલા સંકુલમાં યોજાવાની છે. આ સંકુલનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ જુલાઈના રોજ કરશે. આ અત્યાધુનિક હોલ એવી રીતે બનાવવામાં આવ્યો છે કે તેકંપનીઓને તેમના મુલાકાતીઓ સાથે જોડાવા માટે એક આદર્શ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ સાથે આ હોલમાં ઘણી અસાધારણ વિશેષતાઓ છે. જેમાં ૩,૦૦૦ વ્યક્તિઓની બેઠક ક્ષમતાવાળું એમ્ફીથિયેટર છે. જે ઉઁફઇ થિયેટર બરાબર છે. આ સંકુલ એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તેમાં ૭,૦૦૦ વ્યક્તિઓની બેઠક ક્ષમતા છે અને આવનારા મહેમાનો માટે ૫૫૦૦ જેટલા વાહનો સરળતાથી પાર્ક કરી શકાય છે. આ ઈઝઝ સંકુલ જર્મનીના હેનોવર એક્ઝિબિશન સેન્ટર અને શાંઘાઈમાં નેશનલ એક્ઝિબિશન અને કન્વેન્શન સેન્ટર સાથે સ્પર્ધામાં છે.

હિટવેવથી અમેરિકામાં વ્યાપાર-ઉદ્યોગને માઠી અસર

અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં ગરમીનું મોજું ફરી વળ્યું

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. વિશ્વભરમાં પણ હીટવેવ વ્યાપી રહ્યું છે પરંતુ તેમાં યુએસ ઉપર ઘણી વધુ અસર થઈ છે. ગરમીનું મોજું યુએસના વ્યાપાર-ઉદ્યોગ પર ભયનો ઓથાર બની રહ્યું છે.

આ માહિતી આપતાં સીએનએનનો રિપોર્ટ જણાવે છે કે મૂડીઝના એનેલિટિક્સ ડાયરેક્ટર ક્રીસ લેકાકિલસના જણાવ્યા પ્રમાણે, આ ગરમીનાં મોજાંથી વ્યાપાર-ધંધાને તો નુકશાન થશે જ પરંતુ તેથી મૃત્યુદર પણ ઘણો વધી રહેવાની ભીતિ છે.

આ રિપોર્ટ વધુમાં જણાવે છે કે, વિશ્વભરમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. આ અસામાન્ય હીટવેવને લીધે વિશ્વના એકંદર આંતરિક ઉત્પાદનમાં (જીડીપી)માં ૧૭.૬ ટકા જટલો અસામાન્ય ઘટાડો આ ત્રણ મહિનાના ગાળામાં (એપ્રિલ-મે-જુનમાં) ૧૭.૫ ટકા જેટલો ઘટાડો નોંધાશે.

એડ્રીન્ને અર્શટ રોકફેવર ફાઉન્ડશન રિસર્ચ સેન્ટરનાં ડીરેકટર કેશી બોધમાનનાં જણાવ્યા પ્રમાણે અસામાન્ય ઉષ્ણતામાનને લીધે, આ વર્ષના બીજા ત્રીમાસમાં ૧૭.૬% જેટલો ઉત્પાદન ઘટાડો થવાની સંભાવના છે.

કેશી વધુમાં જણાવ્યું છે કે ખેતી અને બાંધકામ ક્ષેત્રમાં સૌથી વધુ ઘટાડો જોવા મળશે. તે સાથે તમામ ઉદ્યોગ ધંધામાં પણ ઘટાડો થશે. તેનું કારણ અતિશય ગરમીને લીધે કામદારોની કાર્યશક્તિમાં ઘણો મોટો ઘટાડો થવાનું છે.આ હીટવેવ એટલું ઝડપથી ફેલાઈ રહ્યું છે કે તે આપણી તમામ ધારણાઓ અને ગણતરીઓને ખોટી પાડી દે છે તેમ પણ તે વિશ્લેષણકારો જણાવે છે.

મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડ મામલે વિપક્ષોનો વિરોધ જારી

મણિપુર મુદ્દે સાંસદોના સંસદ બહાર સોમવારે આખી રાત ધરણા

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને સસ્પેન્ડ કર્યા બાદ વિપક્ષના સાંસદોએ સોમવારે સંસદની બહાર આખી રાત ધરણાં કર્યા હતા. મણિપુરમાં નગ્ન મહિલાઓની પરેડ સંબંધિત વાયરલ વીડિયોને લઈને દેશમાં માર્ગોથી લઈને સંસદ સુધી ભારે હોબાળો મચી ગયો છે. આપસાંસદ સોમવારે સંસદના સત્ર દરમિયાન બે મહિલાઓ સાથે થયેલી નિર્દયતાના મુદ્દા પર ચર્ચા કરી રહ્યા હતા. આ તોફાની સત્ર દરમિયાન સંજયે વેલમાં રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખડની ખુરશી સામે વિરોધ કર્યો અને તેમને હાથ બતાવીને કંઈક કહ્યું. આ કારણે તેમને સમગ્ર મોનસૂન સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

ગૃહની કાર્યવાહી બાદ આપ નેતા સંજય સિંહે કહ્યું કે ગઈ રાત્રે અમે ગાંધી પ્રતિમાની સામે બેઠા હતા. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ માગણી કરતાં કહ્યું, 'અમારી એક જ માંગ છે કે પીએમ મોદીએ મણિપુર મુદ્દે બોલવું જોઈએ. અમે અહીં વિરોધ કરવાનું ચાલુ રાખીશું અને હું હજુ પણ પીએમ મોદીને સંસદમાં આવવા અને મણિપુર મુદ્દે વાત કરવા વિનંતી કરી રહ્યો છું.

સંજય સિંહ પર કરવામાં આવેલી કાર્યવાહીના વિરોધમાં વિપક્ષી સાંસદોએ સંસદની બહાર ધરણા પ્રદર્શન કર્યું હતું, જેમાં આપના સાંસદો સંજય સિંહ, સંદીપ પાઠક અને સુશીલ ગુપ્તા સાથે ટીએમસી નેતા ડોલા સેન, શાંતા છેત્રી જ્યારે કોંગ્રેસના ઈમરાન પ્રતાપગઢી, અમીબેન અને જેબી માથેર તેમજ સીપીએમ નેતા બિનોય વિશ્વમ, સીપીઆઈ નેતા રાજીવ અને બીઆરએસ નેતાઓએ હાજરી આપી હતી.

આપ સાંસદ સંજય સિંહે સંસદની બહારથી એક તસવીર પોસ્ટ કરી છે, જેમાં તેઓ બેઠેલા જોવા મળી રહ્યા છે. આ સાથે તેમણે એક કેપ્શન પણ આપ્યું છે, જેમાં લખ્યું છે, 'દરેક રાતની એક સવાર હોય છે. સંસદ સંકુલ. બાપુની પ્રતિમા. મણિપુરને ન્યાય આપો.

નેપાળ સાથેના સબંધોમાં ઊતાર-ચઢાવ જોતા નિર્ણય

ભારતીય સેનામાં અગ્નિવીર યોજના હેઠળ નેપાળીઓની ભરતી નહીં કરાય

કાઠમંડુ, તા.૨૫

ભારતે છેલ્લા કેટલાક વર્ષોથી નેપાળ સાથેના સબંધોમાં આવેલા ઉતાર ચઢાવ વચ્ચે એક મોટો નિર્ણય લીધો છે.જે પ્રમાણે હવે નેપળીઓની ભારતીય સેનામાં ભરતી કરવામાં નહીં આવે.

નેપાળના ગુરખા સૈનિકો દાયકાઓથી ભારતીય સેનામાં ફરજ બજાવતા રહ્યા છે પણ ભારતની અગ્નિવીર સ્કીમનો નેપાળ વિરોધ કરી રહ્યુ હતુ અને તેવામાં ભારતે આ નિર્ણય લીધા બાદ નેપાળમાં હલચલ મચવી સ્વાભાવિક છે.

ભારતે આ નિર્ણય માટે કોઈ નક્કર કારણ તો નથી આપ્યુ પણ એવુ મનાઈ રહ્યુ છે કે, નેપાળ દ્વારા સંખ્યાબંધ વખત ભારતનો વિરોધ કરવાના કારણે તેમજ ચીન સાથે તેની વધી રહેલી નિકટતાના કારણે ભારતે આ નિર્ણય લીધો છે અને શક્ય છે કે, આ નિર્ણય લઈને ભારત નેપાળને એક સંદેશ પણ આપવા માંગે છે કે, ચીન સાથેની નિકટતા સારી નથી.

આ નિર્ણય બાદ ભારતના નેપાળ સ્થિત રાજદૂત શંકર પ્રસાદ શર્માએ સોમવારે કહ્યુ હતુ કે, નેપાળના ગોરખાઓની ભરતીને રોકવામાં આવી છે.જોકે મામલો અહીંયા સમાપ્ત નથી થતો.બંને દેશની સરકારો વચ્ચે કોઈ ગંભીર વાતચીત નથી થઈ.મને નથી લાગતુ કે આ મામલે અહીંયા પૂર્ણવિરામ મુકાઈ ગયુ હોય.

ઉલ્લેખનીય છે કે, ભારત તો અગ્નિવીર યોજના હેઠળ નેપાળના સૈનિકોની ભરતી કરવા માંગતુ હતુ પણ નેપાળની સરકારે આ યોજનાનો વિરોધ કર્યો હતો.હવે ભારતે જ આ યોજના હેઠળ નેપાળના લોકોની ભરતી નહીં કરવાનુ નક્કી કર્યુ છે.ચીન સાથેની નિકટતા સારી નથી.

ફ્રેન્ચ સ્ટાર ફૂટબોલરનોપેરિસ સેન્ટ જર્મન સાથેનો કરાર પૂરો થશે

સાઉદી અરેબિયાના ક્લબ અલ હિલાલેએ એમ્બાપ્પેને ૨૭૨૫ કરોડ રૂપિયાની ઓફર આપી

પેરિસ, તા.૨૫

ફ્રેન્ચ સ્ટાર ફૂટબોલર કિલિયન એમ્બાપ્પનો તેની સ્થાનિક ક્લબ પેરિસ સેન્ટ જર્મન સાથેનો કરાર વર્ષ ૨૦૨૪માં સ